<u>નવી બાબત ૨૦૨૪-૨૫, રકમ રૂ.૦.૧૪ કરોડ</u>

અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગરના સચિવ માટે નવું વાહન ખરીદવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/3314/A Section

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૩/૦૩/૨૦૨૪

<u>વંચાણે લીધા</u>:-

(૧) અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગરનો તા.૧૫/૦૨/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:-અપવ/વાહન/૨૦૨૩/૮૯

<u>આમુખ:-</u>

વંચાણ હેઠળના અન્ય પછાત વર્ગો માટેના પંચના તા.૧૫/૦૨/૨૦૨૪ ના પત્રથી પંચની કચેરીના વડા (સચિવશ્રી) માટે કચેરીના નિયંત્રણ હેઠળની ટોયોટા ક્વોલીસ વાહન નંબર: જીજે.૧૮.જી.૧૭૯૦ કે જેની સમયમર્યાદા પૂર્ણ થઈ ગયેલ છે તેમજ કાર્યપાલક ઈજનેર, યાંત્રિક વિભાગના પરામર્શમાં રદબાતલ કરવાની મંજૂરી મળેલ હોઈ, રદબાતલ કરવામાં આવેલ. આ વાહન સામે બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તા.૧૧/૦૪/૨૦૨૩ ના ઠરાવ મુજબ **Category-D** પ્રમાણે મળવાપાત્ર વાહન **Maruti Suzuki XL6 Smart Hybrid Alpha 1.5L**ખરીદવાની નવી બાબતનો વર્ષ-૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. આથી, પ્રસ્તુત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગરનાકચેરીના વડા/સચિવ માટે સરકારી કામગીરીના હેતુસર બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તા.૧૧/૦૪/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: **PTD/PMO/efile/22/2022/1031/GH** મુજબ **Category-D** પ્રમાણે મળવાપાત્ર વાહન **Maruti Suzuki XL6 Smart Hybrid Alpha 1.5L ( (Price 11,05,158.21)**ખરીદવાની રૂ.૦.૧૪ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ પછી કરવાનો રહેશે.

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

(૩) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી, ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૪) વાહનની ખરીદી માટે બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૧૩૩૧૯/ઘ ની સૂચનાઓનું તથા ગુજરાત સરકારના ઉધ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ **(GeM)** પોર્ટલ મારફતે કરવા માટેની ખરીદ પધ્ધતિની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ, જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by:H R Doshi
Section Officer
Date: 2024.03.14
11:17:03 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

(૫) નવા ખરીદેલ વાહનની હિસ્ટ્રી શીટ અને લોગબુક નિભાવવાની રહેશે.

(૬) નવા વાહનની ખરીદી થયેથી વાહન માટે ડ્રાઈવરની જગ્યા ઉપલબ્ધ ન હોય તો ડ્રાઈવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ અનુસાર આઉટસોર્સથી લેવાની રહેશે. આ માટે અલગથી ડ્રાઈવરની કોઈ નવી જગ્યા ઊભી કરવાની રહેશે નહિ.

(૭) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સૂચનાઓનું અન્ય પછાત વર્ગોનું પંચ, ગાંધીનગરની કચેરીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન સંબંધિત નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:- (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૪ અને ૧૩-અ, "ખ" ટાઈપ, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર/- સદર ઠરાવને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

- ના.સે.અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૪

Signature Not Verified
Signed by:H R Doshi
Section Officer
Date: 2024.03.14
11:17:03 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign